| CNR NO:GJMR040024932025 | | |
|---|---|---|
| દાખલ તારીખ | ૨૭/૦૭/૨૦૨૫ | |
| રજી. તારીખ | ૨૭/૦૭/૨૦૨૫ | |
| ફેસલ તારીખ | ૩૧/૦૭/૨૦૨૬ | |
| સમયગાળો | વર્ષ ૦૧ / માસ ૦૪ / દિવસ ૦૦ | |

**વાંકાનેરના મહે. એડીશ્નલ ચીફ જયુડીશ્યલ મેજીસ્ટ્રેટ સાહેબશ્રીની કોર્ટમાં, મું. વાંકાનેર, જી. મોરબી.**

**ફો.કેસ.નં.૨૦૬૭/૨૦૨૫**
**આંક–**

**ફરીયાદી:– શ્રી સરકાર**

**વિ રૂ ધ્ધ**

**આરોપીઓ:–(૧) સતારામ સ/ઓ કુશારામ જેશારામજી ખોથ**
ઉ.વ:૨૭, ધંધો:ડ્રાઈવીંગ,
રહે.જાયડુ,ગામ:લેગાખોથા કી ઢાણી,
તા.રામસર,જી.બાડમેર,રાજસ્થાન.

**ગુન્હો:** પ્રોહીબીશન એકટ કલમ–૬૫(એ)(ઈ),૧૧૬(બી), ૮૧,૮૩, ૯૮(૨) તથા બી.એન.એસ. ની કલમ–૩૩૬(૨), ૩૩૬(૩), ૩૩૮,૩૪૦(૨),૬૧(૨) મુજબના ગુના સબબ.....

---

સરકારશ્રી તરફે વિધ્વાન એ.પી.પી.શ્રી એ.એન.પટેલ
આરોપીઓ તરફે વિધ્વાન વકીલશ્રી એસ.એમ.શેરસિયા

---

**:: ઠ રા વ ::**

(૧) ફરીયાદપક્ષના કેસની ટુંકમા હકીકત જોવામા આવે તો, તા.૨૮/૦૪/૨૦૨૫ ના કલાક ૧૯:૧૫ વાગ્યાના અરસામાં તમો આ કામના આરોપીઓએ એકબીજા સાથે મેળાપીપણુ કરી આરોપી નં. (૧) નાએ પોતાના હવાલાવાળી ટાટા ટ્રક ટ્રેઈલર નંબર- RJ-14-GG-5205 વાળીમાં ગેરકાયદેસર રીતે ભારતીય બનાવટનો અંગ્રેજી દારૂનો જથ્થો મગફળીના ભુસાની બોરીઓની આડમાં સંતાડી વેચાણ અર્થે રાખી હેરાફેરી કરી ફલોર મીલની તથા ફુડ પ્રોડકટની ખોટી બીલ્ટીઓ, ઈ-વે બીલ, તથા ઈનવોઈસ બીલ બનાવી રજુ કરી આ બીલ્ટીઓ ખોટા હોવાનું જાણવા છતા તેનો ખરા તરીકે ઉપયોગ કરી રાજય સેવકને ગેરમાર્ગે દોરી ઈગ્લીશ દારૂની અલગ અલગ બ્રાંડની કાચની કંપની શીલપેક નાની-મોટી કુલ બોટલ નંગ-૧૪૦૪૦ કિ.રૂા. ૬૭,૬૯,૯૨૦/- તથા મોબાઈલ ફોન નંગ-૦૨ કિ.રૂા. ૫૫૦૦/- રોકડા રૂપીયા ૨૫૦૦/- તથા ટ્રક ટ્રેઈલર ગાડી કિ.રૂા. ૩૫,૦૦,૦૦૦/-ગાડીને લગતા કાગળોની ઝેરોક્ષ કિ.રૂા.૦૦/-, બિલ્ટી, ઈ-વે બીલ, ઈનવોઈસ બીલ કિ.રૂા.૦૦/- તથા મગફળીના ભુસાની બોરીઓ નંગ-૧૫૦ કિ.રૂા. ૦૦/- તથા તાળપત્રી તથા રસ્સો નંગ-૦૨ કિ.રૂા.૦૦/- મળી કુલ કિ.રૂા. ૧,૦૨,૭૭,૯૨૦/- ના મુદામાલ સાથે આરોપી નં.(૧) હાજર મળી આવી, આરોપી નં.(૨) નાએ ટ્રક ટ્રેઈલરમાં ઇંગ્લીશ દારૂનો જથ્થો મોકલી તથા આરોપી નં. (૩) નાએ ઈંગ્લીશ દારૂનો જથ્થો મંગાવી આરોપી નં.(૧) ઉપરોકત મુદામાલ સાથે હાજર મળી આવી તથા આરોપી નં.(૨), (૩) હાજર નહી મળી આવી પ્રોહી. એકટ કલમ-૬૫(એ)(ઈ), ૧૧૬(બી),૮૧,૮૩,૯૮(૨) તથા ભારતીય ન્યાય સંહિતા - ૨૦૨૩ ની કલમ-૩૩૬(૨), ૩૩૬(૩), ૩૩૮, ૩૪૦(૨), ૬૧(૨) મુજબની ફરીયાદ દાખલ થતા તપાસના અંતે પુરાવો મળી આવતા ઈન્સાફી કાર્યવાહી માટે નુ ચાર્જશીટ નામ. કોર્ટ સમક્ષ રજૂ કરેલ છે.

(૨) <u>ન્યાયીક કાર્યવાહી</u>

આ કામનાં આરોપીને આ અદાલત દ્વારા સમન્સ ઈશ્યુ થતા, આરોપી આ અદાલત સમક્ષ હાજર થતા, આરોપીને તેઓના બચાવ માટે બી.એન.એસ.એસ.ની કલમ–૨૩૦ અન્વયે પોલીસ તપાસનાં કાગળોની નકલો વિના મુલ્યે પુરી પાડવામાં આવેલ અને આંક– ૦૭ થી તહોમતનામું ફરમાવી વાંચી સંભળાવી આરોપીઓની પ્લી આંક– ૦૮ થી લેવામાં આવેલ આરોપીએ પોતાની સામેનાં આક્ષેપાયેલ ગુનાંનો સ્પષ્ટ ઈન્કાર કરતાં આ કામે ફરીયાદપક્ષનો પુરાવો નોધવામાં આવેલ હતો.

(૩) આ કામે ફરીયાદપક્ષ તરફથી નીચે મુજબનો મૌખિક તથા દસ્તાવેજી પુરાવો રજુ કરવામા આવેલ છે.

**–: મૌખિક પુરાવો :–**

| અનું.નં. | વિગત | આંક |
|---|---|---|
| ૧. | પંચ જગદિશભાઈ દાદુભાઈ ડાંગર ની જુબાની | ૧૦ |
| ૨. | ફરીયાદી સુરેશભાઈ લક્ષ્મણભાઈ હુંબલ ની જુબાની | ૧૨ |
| ૩. | સાહેદ જીજ્ઞાશાબેન પ્રભુદાસભાઈ કણસાગરા ની જુબાની | ૧૪ |
| ૪. | સાહેદ આસીફભાઈ રહીમભાઈ ચાણકીયા ની જુબાની | ૧૫ |
| ૫. | સાહેદ વિક્રમભાઈ લાભુભાઈ કુગશીયા ની જુબાની | ૧૬ |
| ૬. | સાહેદ અશોકકુમાર જયસુખલાલ ઉનડકટ ની જુબાની | ૧૭ |
| ૭. | ત.ક.અ. લલીબેન આજાભાઈ ભરગા ની જુબાની | ૨૦ |
| ૮. | ત.ક.અ. નિરવભાઇ રામજીભાઇ વાણીયા ની જુબાની | ૨૯ |
| ૯. | સાહેદ ભરતભાઇ ઘેલાભાઇ જીલરીયા ની જુબાની | ૪૩ |

**–:દસ્તાવેજી પુરાવો:–**

| અનું.નં. | વિગત | આંક |
|---|---|---|
| ૧. | પંચનામુ | ૧૧ |
| ૨. | ફરીયાદ | ૧૩ |
| ૩. | ઓનલાઇન રીપોર્ટ | ૧૮ |
| ૪. | માલની લેવડ દેવડ કરેલ નથી તે અંગેનો દાખલો | ૧૯ |
| ૫. | ગુન્હા રીપોર્ટ | ૩૦ |
| ૬. | ડેપ્યુટ હુકમ | ૩૧ |
| ૭. | ઇ–વે બીલ | ૩૨,૩૩,૩૪ |
| ૮. | સેકશન –૬૩(૪)(સી) નું સર્ટીફીકેટ | ૩૫ |
| ૯. | રવાનગી પત્રક | ૩૬ |

(૪) ત્યારબાદ ફરીયાદપક્ષે વિ.એ.પી.પી.શ્રી નાઓએ મૌખીક રીતે પુરાવો પુર્ણ થયાનું જાહેર કરેલ છે. ત્યારબાદ આરોપીઓનું ભારતીય નાગરીક સુરક્ષા સંહિતાની કલમ–૩૫૧ અન્વયે વિશેષ નિવેદન નોંધવા જેટલો પુરાવો હોય વિશેષ નીવેદન નોંધવામાં આવેલ છે જેમાં ફરીયાદ પક્ષના પુરાવાનો ઈનકાર કરેલ છે. તેમજ પોતે નિર્દોષ હોવાનુ જણાવેલ છે.

(૫) ફરીયાદપક્ષે વિ.એ.પી.પી.શ્રીએ દલીલ કરી જણાવેલ છે કે,આરોપીએ પોતાના હવાલાવાળી ટાટા ટ્રક ટ્રેઈલર નંબર– RJ–14–GG–5205 વાળીમાં ગેરકાયદેસર રીતે ભારતીય બનાવટનો અંગ્રેજી દારૂનો જથ્થો મગફળીના ભુસાની બોરીઓની આડમાં સંતાડી હેરાફેરી કરી ફલોર મીલની તથા ફુડ પ્રોડકટની ખોટી બીલ્ટીઓ, ઈ–વે બીલ, તથા ઈનવોઈસ બીલ બનાવી રજુ કરી આ બીલ્ટીઓ ખોટા હોવાનું જાણવા છતા તેનો ખરા તરીકે ઉપયોગ કરી રાજય સેવકને ગેરમાર્ગે દોરી ઈંગ્લીશ દારૂની અલગ અલગ બ્રાંડની કાચની કંપની શીલપેક નાની–મોટી કુલ બોટલ નંગ–૧૪૦૪૦ કિ.રૂા. ૬૭,૬૯,૯૨૦/– સાથે હાજર મળી આવેલ

છે. તેમજ આરોપી નં.૨ નાએ ટ્રક ટ્રેઈલરમાં ઇંગ્લીશ દારૂનો જથ્થો મોકલાવેલ હતો અને આરોપી નં. ૩ નાએ ઈંગ્લીશ દારૂનો જથ્થો મંગાવેલ હતો. જેથી આરોપીઓ વિરુધ્ધ્ પ્રોહી. એકટ કલમ–૬૫(એ)(ઈ), ૧૧૬(બી),૮૧,૮૩,૯૮(૨) તથા ભારતીય ન્યાય સંહિતા – ૨૦૨૩ ની કલમ–૩૩૬(૨), ૩૩૬(૩), ૩૩૮, ૩૪૦(૨), ૬૧(૨) મુજબ ફરીયાદ દાખલ થયેલ અને તપાસના અંતે ચાર્જસીટ દાખલ થયેલ છે.ફરીયાદી તથા સાહેદોના પુરાવામાં આ કામના આરોપીના કબજાના ટ્રેઈલર માંથી મોટા જથ્થામાં બોટલ નંગ–૧૪૦૪૦ કિ.રૂા. ૬૭,૬૯,૯૨૦/–નો વિદેશી દારૂ મળી આવેલ છે.તેમજ આરોપીઓએ દારૂની હેરાફેરી કરવા માટે ફલોર મીલ ની તથા ફુડ પ્રોડકટની ખોટી બીલ્ટીઓ બનાવેલ છે.જેથી આરોપીઓને સખત સજા કરવા રજુઆત કરેલ છે.

આરોપીઓ તર્ફે વિ.વ.શ્રીએ દલીલ કરી જણાવેલ છે કે,ફરીયાદ પક્ષે પોલીસ સાહેદોનો પુરાવો રજુ કરેલ છે.રીવકરી પંચ સાહેદો સમર્થન કરેલ નથી.ફરીયાદ પક્ષે અન્ય કોઈ સ્વંતત્ર સાહેદોના નિવેદન લીધેલ નથી.જેથી આરોપી પાસેથી મુદ્દામાલ દારૂની બોટલો કબજે કરેલ હોય તેવુ પુરવાર થતુ નથી.તેમજ અન્ય આરોપીઓના નામ ફરીયાદ માં જણાવેલ નથી.તેઓને ખોટી રીતે અટક કરેલ છે.જેથી આરોપી સામે કેશ પુરવાર કરેલ ન હોય નિદોર્ષ ઠરાવી છોડી મુકવા રજુઆત કરેલ છે.

**( ૬ )** આ કેસની ઉપરોકત હકીકતો, સંજોગો, રેકર્ડ પર રજુ કરવામાં આવેલ પુરાવો તથા સંલગ્ન કાયદાની જોગવાયો તેમજ ઉભયપક્ષની રજૂઆતો ઘ્યાને લેતાં મારા નિર્ણય માટે નીચે મુજબનાં મુદ્દાઓ ઉપસ્થિત થાય છે.

**:: મુદાઓ ::**

(૧) શું ફરીયાદપક્ષ નિ:શંકપણે એ હકીકત પુરવાર કરે છે કે, તા.૨૮/૦૪/૨૦૨૫ ના કલાક ૧૯:૧૫ વાગ્યાના અરસામાં

તમો આ કામના આરોપીઓએ એકબીજા સાથે મેળાપીપણુ કરી આરોપી નં. (૧) નાએ પોતાના હવાલાવાળી ટાટા ટ્રક ટ્રેઈલર નંબર- RJ-14-GG-5205 વાળીમાં ગેરકાયદેસર રીતે ભારતીય બનાવટનો અંગ્રેજી દારૂનો જથ્થો મગફળીના ભુસાની બોરીઓની આડમાં સંતાડી વેચાણ અર્થે રાખી હેરાફેરી કરી ફ્લોર મીલની તથા ફુડ પ્રોડકટની ખોટી બીલ્ટીઓ, ઈ-વે બીલ, તથા ઈનવોઈસ બીલ બનાવી રજુ કરી આ બીલ્ટીઓ ખોટા હોવાનું જાણવા છતા તેનો ખરા તરીકે ઉપયોગ કરી રાજય સેવકને ગેરમાર્ગે દોરી ઈંગ્લીશ દારૂની અલગ અલગ બ્રાંડની કાચની કંપની શીલપેક નાની-મોટી કુલ બોટલ નંગ-૧૪૦૪૦ કિ.રૂા. ૬૭,૬૯,૯૨૦/- સાથે આરોપી નં.૧ હાજર મળી આવી, આરોપી નં.૨ નાએ ટ્રક ટ્રેઈલરમાં ઇંગ્લીશ દારૂનો જથ્થો મોકલી તથા આરોપી નં.૩ નાએ ઇંગ્લીશ દારૂનો જથ્થો મંગાવી ગુજરાત રાજયમાં દારૂબંધી હોવાનું જાણવા છતા ગે.કા.રીતે ભારતીય બનાવટનો અંગ્રેજી દારૂનો જથ્થો બહારના રાજયમાંથી આયાત કરી ગુજરાતમાં ઘુસાડી ગુન્હો કરી પ્રોહી. એકટ કલમ-૬૫(એ)(ઈ), ૧૧૬(બી),૮૧,૮૩,૯૮(૨) તથા ભારતીય ન્યાય સંહિતા - ૨૦૨૩ ની કલમ-૩૩૬(૨), ૩૩૬(૩), ૩૩૮, ૩૪૦(૨), ૬૧(૨) મુજબ નો શિક્ષાપાત્ર ગુન્હો કરેલ છે ?

(૨) શું હુકમ ?

(૭) ઉપરોકત મુદાઓના મારા નિર્ણયો નીચે મુજબ છે.

(૧) નકારાત્મક,

(૨) આખરી હુકમ મુજબ.

(૮) ઉપરોકત મુદાઓના નિર્ણયના મારા કારણો નીચે મુજબ છે.

**:: કારણો ::**

**<u>મુદા નં. ૧:-</u>**

**(૯)** ફરીયાદપક્ષે પોતાનો કેસ નિ:શકપણે સાબિત કરવો જોઈએ તેવો ક્રીમીનલ જયુરીસપ્રુડન્સનો સ્વીકૃત સિધ્ધાત છે. નામદાર સર્વોચ્ચ અદાલતે તેઓના ચુકાદા રબિન્દ્રકુમાર દેય વિ. સ્ટેટ ઓફ ઓરીસ્સામાં ઠરાવેલ છે કે,

> Three cardinal principles of criminal jurisprudence are well settled namely:
>
> (1) that the onus lies affirmatively on the prosecution to prove its case beyond reasonable doubt and it cannot derive and benefit from weakness or falsity of the defence version while proving its case;
>
> (2) that in a criminal trial the accused must be presumed to be innocent unless he is proved to be guilty; and
>
> (3) that the onus of the prosecution never shifts.

ઉપરોકત સ્થાપિત સિધ્ધાંતને નજર સમક્ષ રાખી આ કામમાં પડેલા પુરાવાની બચાવપક્ષે થયેલ દલીલોને ધ્યાને રાખી પુરાવાનુ મુલ્યાંકન કરેલ છે.

**(૧૦)** આ કામે ફરીયાદપક્ષે પંચસાહેદ નં-૦૧ જગદિશભાઈ દાદુભાઈ ડાંગર ને આંક-૧૦ થી તપાસતા આંક-૧૧ થી રજુ રીકવરી પંચનામામાં માત્ર પોતાની સહી ઓળખી બતાવેલ છે. સદર પંચ સાહેદ પંચનામાંની હકીકતોને લેશમાત્ર સમર્થન આપેલ નહી હોવાથી વિ.એ.પી.પી.શ્રી ની મૌખિક વિનંતીથી હોસ્ટાઈલ જાહેર કરવામાં આવેલ હતાં ત્યારબાદ ઉલટ તપાસમાં પુછી શકાય તેવા પશ્નો પુછેલ હોવા

છતા ફરીયાદ પક્ષના કેશને સર્મથન કરેલ નથી. આમ, આંક–૧૧ ના રીકવરી પંચનામાની હકીકત પુરવાર થયેલ નથી.

**(૧૧)** ફરીયાદપક્ષે સાહેદ નં–૦૨ સુરેશભાઈ લક્ષ્મણભાઈ હુંબલ નો આંક–૧૨ નો મૌખિક પુરાવો વંચાણે લેતાં તેમાં તેઓએ જણાવેલ છે કે, ગઈ તા.૨૮/૦૪/૨૦૨૫ ના રોજ અમો તથા પી.એસ.આઇ. શ્રી વી.ડી.ભટ્ટ સાહેબ તથા એલ.સી.બી. તથા પે રોલ ફર્લો સ્કવોડ ના એ.એસ.આઇ. જીજ્ઞાશાબેન કણસાગરા તથા પો.હેડ કો. ભરતભાઈ જીલરીયા એમ બધા પોલીસ સ્ટાફના માણસો વાંકાનેર વિસ્તારમાં પેટ્રોલી ગ માં હાત તે દરમ્યાન ફરતા ફરતા વાંકાનેર બાઉન્ડ્રી પાસે નેશનલ હાઈવે રોડ ઉપર પહોંચતા અમોને તથા આસીફભાઈ ને સંયુકત બાતમી મળેલ કે અમદાવાદ તરફથી એક ટાટા ટ્રક ટેઈલર નં.–આર. જે. ૧૪– જી જી – ૫૨૦૫ વાળુ રાજકોટ તરફ જનાર છે જેમાં ગે.કા. ભારતીય બનાવટનો અંગ્રેજી દારુનો જથ્થો ભરેલ છે તેવી હકીકત મળતા અમો બે રાહદારી પં ચોને બોલાવી હકીકતની સમજ કરેલી. જેથી પંચોએ પંચ માં રહેવા સહમતી દર્શાવી તથા પંચો તથા પોલીસે અરસ પરસ જડતી તપાસ કરી પ્રોહીને લગતી કોઈ ચીજ વસ્તુ નહી હોવાની ખાતરી કરી પ્રાથમીક પંચનામુ કરેલુ. ત્યારબાદ પંચો તથા પોલીસ સ્ટાફ ના માણસો હકીકત વાળી જગ્યાએ બાઉન્ડ્રી ટોલ પ્લાઝા પાસે વોચ માં હતા તે દરમ્યાન કલાક ૧૯–૧૫ વાગ્યે અમદાવાદ તરફથી ઉપરોકત નંબર નો ટ્રક નીળકતા તેના રોકવા ઈશારો કરતા ગાડીના ચાલકે ગાડી ઉભી રાખી અને હાઈવે ના નીચે ગાડી સાઈડ માં રખાવી ગાડીના ચાલકનું નામ ઠામ પુછતા સતારામ કુસારામ જાટ રહે. જાયડુ, રાજસ્થાન વાળો હોવાનું જણાવેલુ. સદરહં ગાડી માં શુ ભરેલ છે તે બાબતે પુછતા તેને એક બીલ્ટી તથા ઈ–વે બીલ તથા ઈનવોઈસ બીલ આપી ગાડી માં કુડ પ્રોડકટનો માલ ભરેલ છે અને તે રાજેસ્થાન થી જુનાગઢ ખાલી કરવાનો છે તેવુ જણાવેલું. જેથી બીલ્ટી, ઇ–વે બીલ તથા ઈનવોઈસ બીલ જોતા પોલીસ ને શંકા જણાતા ગાડીના ડ્રાઈવરને સાથે રાખી તાલપત્રી હટાવી જોતા ખાખી કલરના શણના કોથળાઓ ભરેલ હતા જેમાં

મગફળીનું ભુસુ ભરેલ હોતુ. તે કોથળા હટાવી જોતા વિદેશી દારુ નો જથ્થો જોવા મળેલ જેમાં જુદી જુદી અંગ્રેજી દારૂ ની બોટલો જોવા મળેલ. જેમાંથી બોટલો બહાર કાઢતા અલગ અગલ બ્રાન્ડ ની બોટલો નંગ-૧૪૦૩૮ જેની કુલ કીમત રૂા. ૪૦,૬૯,૯૨૦/- મળી આવેલ સદરહું બોટલો માંથી એક બોટલ એફ.એસ.એલ. તપાસણી અર્થે પી.આઇ., એલ.સી.બી., મોરબી ના હોદાનું શીલ મારી તપાસ અર્થે કબજે કરેલ. તથા ટ્રકની આર.સી.બુક., પી.યુ.સી., પરમીટ અને વીમાના કાગળો લીધેલા તેમજ તુલશી ટ્રાન્સપોર્ટ કંપની તથા શ્યામ ટ્રાન્સપોર્ટ કં પની તેમજ કલકતા એકસપ્રેસ રોડ લાઈન્સ પ્રા. લી.ની બીલ્ટી, ઇ-વે બીલ, ઈનવોઈસ બીલના કાગળો તેમજ મગફળી નું ભુસુ ભરેલ બોરીયો નંગ-૧૫૦ અને ઉપરોકત નંબર વાળા ટ્રકની કી મત રૂા. ૩૫,૦૦,૦૦૦/- ગણી તપાસ અર્થે કબજે કરેલ. સદર ચાલકને આ વિદેશી દારુ કોની પાસેથી લાવેલ છે અને કોને ત્યાં આપવાનો હતો તે બાબતે પુછતા મારા શેઠ કીશોરભાઈ સારણ રહે.ખડીર, રાજસ્થાન વાળા એ પંજાબ રાજ્યના ભંટીડા થી આગળ પઠાણ કોટ માંથી ભરી આપેલ છે અને મહેસાણા અમદાવાદ થઈ જુનાગઢ જવાનો હતો તેવુ જણાવેલું. શેઠ નો મોબાઈલ નંબર આપેલો. આમ કુલ મુદામાલ રૂા. ૧,૦૨,૭૭,૯૨૦/- કબજે કરેલ. આમ સદરહું મુદામાલ નું વિગતવાર નું પંચનામુ પી. આઇ. શ્રી એમ.પી.પંડયા સાહેબના ઓ એ પંચોની હાજરીમાં કરેલું. ત્યારબાદ અમો એ પો.સ્ટે. જઈ આ ગુન્હાની ફરીયાદ આપેલી. જે આંક-૧૩ થી રજુ કરેલ છે.તેમજ આરોપીને ઓળખી બતાવેલ છે.

તેઓએ બચાવપક્ષે ઉલટ તપાસમાં એ હકીકત સ્વીકારેલ છે કે, પેટ્રોલીંગ માં જઈએ તેની નોંધ પેટ્રલ બુક માં કરવાની હોય છે. પેટ્રોલીંગ માટે દરેક પોલીસ સ્ટશને સરકારી વાહન ફાળવવામાં આવે છે. રેઈડ વખતે અમો બધા સરકારી તથા ખાનગી વાહન લઈને ગયેલા. પેટ્રલીંગ માં કયુ વાહન લઈ ને જતા હતા તે અમારી ફરીયાદ માં જણાવેલ નથી. સરકારી વાહન લઈને જઈએ તેની નોંધ લોગ બુક માં કરવામાં આવે છે. કહેવાતો રેઈડ વાળો વિસ્તાર નેશનલ હાઈવે છે

ત્યાંથી વાહનો તથા માણસોની અવર જવર સતત ચાલુ હોય છે. હાલના કામે પ્રથમ પંચનામુ કરેલ ત્યારબાદ ફરીયાદ આપેલ છે. બીલ્ટી તથા ઇ–વે બીલ તથા ઈનવોઈસ કોણે બનાવેલ તે હું કહી શકુ નહી.

**(૧૨)** ફરીયાદપક્ષે સાહેદ નં–૦૩ જીજ્ઞાશાબેન પ્રભુદાસભાઈ કણસાગરા નો આંક–૧૪ નો મૌખિક પુરાવો વંચાણે લેતાં તેમાં તેઓએ જણાવેલ છે કે, ગઈ તા.૨૮/૦૪/૨૦૨૫ ના રોજ અમો તથા પી.એસ.આઇ. શ્રી બી.ડી.ભટ્ટ સાહેબ તથા એલ.સી.બી. તથા એ.એસ.આઇ. સુરેશભાઈ લક્ષ્મણભાઈ હુંબલ તથા પો.હેડ કો. ભરતભાઈ જીલરીયા એમ બધા પોલીસ સ્ટાફના માણસો વાંકાનેર વિસ્તારમાં પેટ્રોલીંગ માં હાત તે દરમ્યાન ફરતા ફરતા વાંકાનેર બાઉન્ડ્રી પાસે નેશનલ હાઈવે રોડ ઉપર પહોંચતા અમોને તથા આસીફભાઈ ને સંયુકત બાતમી મળેલ કે અમદાવાદ તરફથી એક ટાટા ટ્રક ટેઈલર નં.–આર. જે. ૧૪– જી જી – ૫૨૦૫ વાળુ રાજકોટ તરફ જનાર છે જેમાં ગે.કા. ભારતીય બનાવટનો અંગ્રેજી દારુનો જથ્થો ભરેલ છે તેવી હકીકત મળતા અમો બે રાહદારી પંચોને બોલાવી હકીકતની સમજજ કરેલી. જેથી પંચોએ પંચ માં રહેવા સહમતી દર્શાવી તથા પંચો તથા પોલીસે અરસ પરસ જડતી તપાસ કરી પ્રોહીને લગતી કોઈ ચીજ વસ્તુ નહી હોવાની ખાતરી કરી પ્રાથમીક પંચનામુ કરેલુ. ત્યારબાદ પંચો તથા પોલીસ સ્ટાફ ના માણસો હકીકત વાળી જગ્યાએ બાઉન્ડ્રી ટોલ પ્લાઝા પાસે વોચ માં હતા તે દરમ્યાન કલાક ૧૯–૧૫ વાગ્યે અમદાવાદ તરફથી ઉપરોકત નંબર નો ટ્રક નીળકતા તેના રોકવા ઈશારો કરતા ગાડીના ચાલકે ગાડી ઉભી રાખી અને હાઈવે ના નીચે ગાડી સાઈડ માં રખાવી ગાડીના ચાલકનું નામ ઠામ પુછતા સતારામ કુસારામ જાટ રહે. જાયડુ, રાજસ્થાન વાળો હોવાનું જણાવેલ. સદરહં ગાડી માં શ ભરેલ છે તે બાબતે પુછતા તેને એક બીલ્ટી તથા ઈ–વે બીલ તથા ઈનવોઈસ બીલ આપી ગાડી માં ફડ પ્રોડકટનો માલ ભરેલ છે અને તે રાજેસ્થાન થી જુનાગઢ ખાલી કરવાનો છે તેવુ જણાવેલું. જેથી બીલ્ટી, ઇ–વે બીલ તથા ઈનવોઈસ બીલ જોતા પોલીસ ને શંકા જણાતા ગાડીના ડ્રાઈવરને સાથે રાખી તાલપત્રી હટાવી જોતા

ખાખી કલરના શણના કોથળાઓ ભરેલ હતા જેમાં મગફળીનું ભુસુ ભરેલ હોતુ. તે કોથળા હટાવી જોતા વિદેશી દારુ નો જથ્થો જોવા મળેલ જેમાં જુદી જુદી અંગ્રેજી દારૂ ની બોટલો જોવા મળેલ. જેમાંથી બોટલો બહાર કાઢતા અલગ અગલ બ્રાન્ડ ની બોટલો નંગ– ૧૪૦૩૮ જેની કુલ કીમત રૂા. ૪૦,૬૯, ૯૨૦/– હતી. સદરહું બોટલો માંથી એક બોટલ એફ.એસ.એલ. તપાસણી અર્થે પી.આઇ., એલ.સી.બી., મોરબી ના હોદાનું શીલ મારી તપાસ અર્થે કબજે કરેલ. તેમજ સદર ડ્રાઈવર પાસે થી ટ્રકની આર.સી.બુક., પી.યુ.સી., પરમીટ અને વીમાના કાગળો લીધેલા તેમજ તુલશી ટ્રાન્સપોર્ટ કંપની તથા શ્યામ ટ્રાન્સપોર્ટ કંપની તેમજ કલકતા એકસપ્રેસ રોડ લાઈન્સ પ્રા. લી.ની બીલ્ટી, ઇ–વે બીલ, ઈનવોઈસ બીલના કાગળો તેમજ મગફળી નું ભુસુ ભરેલ બોરીયો નંગ–૧૫૦ અને ઉપરોકત નંબર વાળા ટ્રકની કી મત રૂા. ૩૫,૦૦,૦૦૦/– ગણી તપાસ અર્થે કબજે કરેલ. સદર ચાલકને આ વિદેશી દારુ કોની પાસેથી લાવેલ છે અને કોને ત્યાં આપવાનો હતો તે બાબતે પુછતા મારા શેઠ કીશોરભાઈ સારણ રહે.ખડીર, રાજસ્થાન વાળા એ પંજાબ રાજ્યના ભંટીડા થી આગળ પઠાણ કોટ માંથી ભરી આપેલ છે અને મહેસાણા અમદાવાદ થઈ જુનાગઢ જવાનો હતો તેવુ જણાવેલું. શેઠ નો મોબાઈલ નંબર આપેલો.જે કુલ મુદામાલ રૂા.૧,૦૨,૭૭,૯૨૦/– કબજે કરેલ.સદરહું મુદામાલ નું વિગતવાર નું પંચનામુ પી. આઇ. શ્રી એમ.પી.પંડયા સાહેબના ઓ એ પંચોની હાજરીમાં કરેલાનુ જણાવેલ છે.

તેઓએ બચાવપક્ષે ઉલટ તપાસમાં એ હકીકત સ્વીકારેલ છે કે, પેટ્રોલીંગ માં જઈએ તેની નોંધ પેટ્રલ બુક માં કરવાની હોય છે. પેટ્રોલીંગ માટે દરેક પોલીસ સ્ટેશને સરકારી વાહન ફાળવવામાં આવે છે. રેઈડ વખતે અમો બધા સરકારી તથા ખાનગી વાહન લઈને ગયેલા. પેટ્રલીંગ માં કયુ વાહન લઈ ને જતા હતા તે અમારા નિવેદન માં જણાવેલ નથી. સરકારી વાહન લઈને જઈએ તેની નોંધ લોગ બુક માં કરવામાં આવે છે. કહેવાતો રેઈડ વાળો વિસ્તાર નેશનલ હાઈવે છે ત્યાંથી વાહનો તથા માણસોની અવર જવર સતત ચાલુ હોય છે. હાલના કામે

પ્રથમ પંચનામુ કરેલ ત્યારબાદ ફરીયાદ આપેલ છે. બીલ્ટી તથા ઇ–વે બીલ તથા ઈનવોઈસ કોણે બનાવેલ તે હું કહી શકુ નહી.

**(૧૩)** ફરીયાદપક્ષે સાહેદ નં–૦૪ આસીફભાઈ રહીમભાઈ ચાણકીયાનો આંક–૧૫ નો મૌખિક પુરાવો વંચાણે લીધો તેમાં તેઓએ જણાવેલ છે કે, ગઈ તા.૨૮/૦૪/૨૦૨૫ ના રોજ અમો તથા પી.એસ.આઇ. શ્રી બી.ડી.ભટ્ટ સાહેબ તથા એલ.સી.બી. તથા એ.એસ.આઇ. સુરેશભાઈ લક્ષ્મણભાઈ હુંબલ તથા પો.હેડ કો. ભરતભાઈ જીલરીયા એમ બધા પોલીસ સ્ટાફના માણસો વાંકાનેર વિસ્તારમાં પેટ્રોલીંગ માં હાત તે દરમ્યાન ફરતા ફરતા વાંકાનેર બાઉન્ડ્રી પાસે નેશનલ હાઈવે રોડ ઉપર પહોંચતા અમોને તથા આસીફભાઈ ને સંયુકત બાતમી મળેલ કે અમદાવાદ તરફથી એક ટાટા ટ્રક ટેઈલર નં.–આર. જે. ૧૪– જી જી – ૫૨૦૫ વાળુ રાજકોટ તરફ જનાર છે જેમાં ગે.કા. ભારતીય બનાવટનો અંગ્રેજી દારુનો જથ્થો ભરેલ છે તેવી હકીકત મળતા અમો બે રાહદારી પંચોને બોલાવી હકીકતની સમજજ કરેલી. જેથી પંચોએ પંચ માં રહેવા સહમતી દર્શાવી તથા પંચો તથા પોલીસે અરસ પરસ જડતી તપાસ કરી પ્રોહીને લગતી કોઈ ચીજ વસ્તુ નહી હોવાની ખાતરી કરી પ્રાથમીક પંચનામુ કરેલુ. ત્યારબાદ પંચો તથા પોલીસ સ્ટાફ ના માણસો હકીકત વાળી જગ્યાએ બાઉન્ડ્રી ટોલ પ્લાઝા પાસે વોચ માં હતા તે દરમ્યાન કલાક ૧૯–૧૫ વાગ્યે અમદાવાદ તરફથી ઉપરોકત નંબર નો ટ્રક નીળકતા તેના રોકવા ઈશારો કરતા ગાડીના ચાલકે ગાડી ઉભી રાખી અને હાઈવે ના નીચે ગાડી સાઈડ માં રખાવી ગાડીના ચાલકનું નામ ઠામ પુછતા સતારામ કુસારામ જાટ રહે. જાયડુ, રાજસ્થાન વાળો હોવાનું જણાવેલ. સદરહં ગાડી માં શ ભરેલ છે તે બાબતે પુછતા તેને એક બીલ્ટી તથા ઇ–વે બીલ તથા ઈનવોઈસ બીલ આપી ગાડી માં ફુડ પ્રોડકટનો માલ ભરેલ છે અને તે રાજેસ્થાન થી જુનાગઢ ખાલી કરવાનો છે તેવુ જણાવેલું. જેથી બીલ્ટી, ઇ–વે બીલ તથા ઈનવોઈસ બીલ જોતા પોલીસ ને શંકા જણાતા ગાડીના ડ્રાઈવરને સાથે રાખી તાલપત્રી હટાવી જોતા ખાખી કલરના શણના કોથળાઓ ભરેલ હતા જેમાં મગફળીનું ભુસુ ભરેલ હોતુ. તે

કોથળા હટાવી જોતા વિદેશી દારુ નો જથ્થો જોવા મળેલ જેમાં જુદી જુદી અંગ્રેજી દારૂ ની બોટલો જોવા મળેલ. જેમાંથી બોટલો બહાર કાઢતા અલગ અગલ બ્રાન્ડ ની બોટલો નંગ–૧૪૦૩૮ જેની કુલ કીમત રૂા. ૪૦,૬૯,૯૨૦/– હતી. સદરહું બોટલો માંથી એક બોટલ એફ.એસ.એલ. તપાસણી અર્થે પી.આઇ., એલ.સી.બી., મોરબી ના હોદાનું શીલ મારી તપાસ અર્થે કબજે કરેલ. તેમજ સદર ડ્રાઈવર પાસે થી  ટ્રકની આર.સી.બુક., પી.યુ.સી., પરમીટ અને વીમાના કાગળો લીધેલા તેમજ તુલશી ટ્રાન્સપોર્ટ કંપની તથા શ્યામ ટ્રાન્સપોર્ટ કં પની તેમજ કલકતા એકસપ્રેસ રોડ લાઈન્સ પ્રા. લી.ની બીલ્ટી, ઇ–વે બીલ, ઈનવોઈસ બીલના કાગળો તેમજ મગફળી નું ભુસુ ભરેલ બોરીયો નંગ–૧૫૦ અને ઉપરોકત નંબર વાળા ટ્રકની કી મત રૂા. ૩૫,૦૦,૦૦૦/– ગણી તપાસ અર્થે કબજે કરેલ. સદર ચાલકને આ વિદેશી દારુ કોની પાસેથી લાવેલ છે અને કોને ત્યાં આપવાનો હતો તે બાબતે પુછતા મારા શેઠ કીશોરભાઈ સારણ રહે.ખડીર, રાજસ્થાન વાળા એ પંજાબ રાજયના ભંટીડા થી આગળ પઠાણ કોટ માંથી ભરી આપેલ છે અને મહેસાણા અમદાવાદ થઈ જુનાગઢ જવાનો હતો તેવુ જણાવેલું. શેઠ નો મોબાઈલ નંબર આપેલો. કુલ મુદામાલ રૂા. ૧,૦૨,૭૭,૯૨૦/– કબજે કરેલ.સદરહું મુદામાલ નું વિગતવાર નું પંચનામુ પી. આઇ. શ્રી એમ.પી.પંડયા સાહેબના ઓ એ પંચોની હાજરીમાં કરેલાનુ જણાવેલ છે.

તેઓની બચાવપક્ષે ઉલટ તપાસમાં એ હકીકત સ્વીકારેલ છે કે, પેટ્રોલીંગ માં જઈએ તેની નોંધ પેટ્રલ બુક માં કરવાની હોય છે.  પેટ્રોલીંગ માટે દરેક પોલીસ સ્ટેશને સરકારી વાહન ફાળવવામાં આવે છે. રેઈડ વખતે અમો બધા સરકારી તથા ખાનગી વાહન લઈને ગયેલા.  પેટ્રલીંગ માં કયુ વાહન લઈ ને જતા હતા તે અમારા નિવેદન માં જણાવેલ નથી. સરકારી વાહન લઈને જઈએ તેની નોંધ લોગ બુક માં કરવામાં આવે છે. કહેવાતો રેઈડ વાળો વિસ્તાર નેશનલ હાઈવે છે ત્યાંથી વાહનો તથા માણસોની અવર જવર સતત ચાલુ હોય છે. હાલના કામે

પ્રથમ પંચનામુ કરેલ ત્યારબાદ ફરીયાદ આપેલ છે. બીલ્ટી તથા ઇ–વે બીલ તથા ઈનવોઈસ કોણે બનાવેલ તે હું કહી શકુ નહી.

(૧૪) ફરીયાદપક્ષે સાહેદ નં–૦૫ વિક્રમભાઈ લાભુભાઈ કુગશીયાનો

આંક–૧૬ નો મૌખિક પુરાવો વંચાણે લીધો તેમાં તેઓએ જણાવેલ છે કે, ગઈ તા.૨૮/૦૪/૨૦૨૫ ના રોજ અમો તથા પી.એસ.આઇ. શ્રી બી.ડી.ભટ્ટ સાહેબ તથા એલ.સી.બી. તથા એ.એસ.આઇ. સુરેશભાઈ લક્ષ્મણભાઈ હુંબલ તથા પો.હેડ કો. ભરતભાઈ જીલરીયા એમ બધા પોલીસ સ્ટાફના માણસો વાંકાનેર વિસ્તારમાં પેટ્રોલીંગ માં હાત તે દરમ્યાન ફરતા ફરતા વાંકાનેર બાઉન્ડ્રી પાસે નેશનલ હાઈવે રોડ ઉપર પહોંચતા અમોને તથા આસીફભાઈ ને સંયુકત બાતમી મળેલ કે અમદાવાદ તરફથી એક ટાટા ટ્રક ટેઈલર નં.–આર. જે. ૧૪– જી જી – ૫૨૦૫ વાળુ રાજકોટ તરફ જનાર છે જેમાં ગે.કા. ભારતીય બનાવટનો અંગ્રેજી દારુનો જથ્થો ભરેલ છે તેવી હકીકત મળતા અમો બે રાહદારી પંચોને બોલાવી હકીકતની સમજજ કરેલી. જેથી પંચોએ પંચ માં રહેવા સહમતી દર્શાવી તથા પંચો તથા પોલીસે અરસ પરસ જડતી તપાસ કરી પ્રોહીને લગતી કોઈ ચીજ વસ્તુ નહી હોવાની ખાતરી કરી પ્રાથમીક પંચનામુ કરેલુ. ત્યારબાદ પંચો તથા પોલીસ સ્ટાફ ના માણસો હકીકત વાળી જગ્યાએ બાઉન્ડ્રી ટોલ પ્લાઝા પાસે વોચ માં હતા તે દરમ્યાન કલાક ૧૯–૧૫ વાગ્યે અમદાવાદ તરફથી ઉપરોકત નંબર નો ટ્રક નીળકતા તેના રોકવા ઈશારો કરતા ગાડીના ચાલકે ગાડી ઉભી રાખી અને હાઈવે ના નીચે ગાડી સાઈડ માં રખાવી ગાડીના ચાલકનું નામ ઠામ પુછતા સતારામ કુસારામ જાટ રહે. જાયડુ, રાજસ્થાન વાળો હોવાનું જણાવેલું, સદરહું ગાડી માં શુ ભરેલ છે તે બાબતે પુછતા તેને એક બીલ્ટી તથા ઇ–વે બીલ તથા ઈનવોઈસ બીલ આપી ગાડી માં ફુડ પ્રોડકટનો માલ ભરેલ છે અને તે રાજેસ્થાન થી જુનાગઢ ખાલી કરવાનો છે તેવું જણાવેલું. જેથી બીલ્ટી, ઇ–વે બીલ તથા ઈનવોઈસ બીલ જોતા પોલીસ ને શંકા જણાતા ગાડીના ડ્રાઈવરને સાથે રાખી તાલપત્રી હટાવી જોતા ખાખી કલરના શણના કોથળાઓ ભરેલ હતા જેમાં મગફળીનું ભુસ ભરેલ હોતુ. તે

કોથળા હટાવી જોતા વિદેશી દારુ નો જથ્થો જોવા મળેલ જેમાં જુદી જુદી અંગ્રેજી દારૂ ની બોટલો જોવા મળેલ. જેમાંથી બોટલો બહાર કાઢતા અલગ અગલ બ્રાન્ડ ની બોટલો નંગ–૧૪૦૩૮ જેની કુલ કીમત રૂા.૪૦,૬૯,૯૨૦/– હતી. સદરહું બોટલો માંથી એક બોટલ એફ.એસ.એલ. તપાસણી અર્થે પી.આઇ., એલ.સી.બી., મોરબી ના હોદાનું શીલ મારી તપાસ અર્થે કબજે કરેલ. તેમજ સદર ડ્રાઈવર પાસે થી  ટ્રકની આર.સી.બુક., પી.યુ.સી., પરમીટ અને વીમાના કાગળો લીધેલા તેમજ તુલશી ટ્રાન્સપોર્ટ કંપની તથા શ્યામ ટ્રાન્સપોર્ટ પની તેમજ કલકતા એકસપ્રેસ રોડ લાઈન્સ પ્રા. લી.ની બીલ્ટી, ઇ–વે બીલ, ઈનવોઈસ બીલના કાગળો તેમજ મગફળી નું ભુસુ ભરેલ બોરીયો નંગ–૧૫૦ અને ઉપરોકત નંબર વાળા ટ્રકની કી મત રૂા. ૩૫,૦૦,૦૦૦/– ગણી તપાસ અર્થે કબજે કરેલ. સદર ચાલકને આ વિદેશી દારુ કોની પાસેથી લાવેલ છે અને કોને ત્યાં આપવાનો હતો તે બાબતે પુછતા મારા શેઠ કીશોરભાઈ સારણ રહે.ખડીર, રાજસ્થાન વાળા એ પંજાબ રાજ્યના ભંટીડા થી આગળ પઠાણ કોટ માંથી ભરી આપેલ છે અને મહેસાણા અમદાવાદ થઈ જુનાગઢ જવાનો હતો તેવુ જણાવેલું. શેઠ નો મોબાઈલ નંબર આપેલો.કુલ મુદામાલ રૂા.૧,૦૨,૭૭,૯૨૦/– કબજે કરેલ.સદરહું મુદામાલ નું વિગતવાર નું પંચનામુ પી. આઇ. શ્રી એમ.પી.પંડયા સાહેબના ઓ એ પંચોની હાજરીમાં કરેલાનુ જણાવેલ છે.

તેઓની બચાવપક્ષે ઉલટ તપાસમાં એ હકીકત સ્વીકારેલ છે કે, પેટ્રોલીંગ માં જઈએ તેની નોંધ પેટ્રલ બુક માં કરવાની હોય છે.  પેટ્રોલીંગ માટે દરેક પોલીસ સ્ટેશને સરકારી વાહન ફાળવવામાં આવે છે. રેઈડ વખતે અમો બધા સરકારી તથા ખાનગી વાહન લઈને ગયેલા.  પેટ્રલીંગ માં કયુ વાહન લઈ ને જતા હતા તે અમારા નિવેદન માં જણાવેલ નથી. સરકારી વાહન લઈને જઈએ તેની નોંધ લોગ બુક માં કરવામાં આવે છે. કહેવાતો રેઈડ વાળો વિસ્તાર નેશનલ હાઈવે છે ત્યાંથી વાહનો તથા માણસોની અવર જવર સતત ચાલુ હોય છે.  હાલના કામે

પ્રથમ પંચનામુ કરેલ ત્યારબાદ ફરીયાદ આપેલ છે. બીલ્ટી તથા ઈ–વે બીલ તથા ઈનવોઈસ કોણે બનાવેલ તે હું કહી શકુ નહી.

**(૧૫)** ફરીયાદપક્ષે સાહેદ નં–૦૬ અશોકકુમાર જયસુખલાલ ઉનડકટ નો આં ક–૧૭ નો મૌખિક પુરાવો વંચાણે લીધો તેમાં તેઓએ જણાવેલ છે કે, પોલીસે મારો જવાબ પાંચ છ માસ પહેલા લીધેલો. પોલીસે મને બીલ્ટી બતાવેલી. જે બીલ્ટી માં મેંદો લખેલુ હતું. જે બીલ્ટી માં મારી દુકાન નું એડ્રેસ અને જી.એસ.ટી. નંબર હતું. તેમજ સદર બીલ્ટી ના આધારે ઓનલાઈન ચેક કરતા અમારા જી.એસ.ટી. નંબર થી એડીટ કરી ને ઓન લાઈન ઈ–વે બીલ કાઢેલ હતું. અમોએ કયારેય હરીયાણી થી કોઈ માલ મંગાવેલ ન હતો કે અમારી દુકાન નું નામ સરનામુ કયારે હરીયાણ આપેલ નથી. જે મુજબનો પોલીસે મારો જવાબ લીધેલો. તેમજ અમો એ અમારા જલારામ ટ્રેડર્સનું અમો એ જે તારીખ થી આ બીલ્ટી બનેલી તે તારીખ થી તેની પાછળના સાત દિવસ માં કોઈ માલ મંગાવેલ હોય તેનો આખો ઓનલાઈન રીપોર્ટ આપેલો જે ઓનલાઈન રીપોર્ટ આંક–૧૮ થી રજુ કરેલ છે.તેમજ અમારા જલારામ ટ્રેડર્સના લેટર પેડ ઉપર થી અમો એ કોઈ માલ મંગાવેલ નથી કે કોઈ પેમેન્ટ ની લેવડ દેવડ કરેલ નથી તે અંગેનો દાખલો લખી આપેલ જે આંક–૧૯ થી રજુ કરેલ છે.

તેઓની બચાવપક્ષે ઉલટ તપાસમાં એ હકીકત સ્વીકારેલ છે કે, પોલીસે મને બીલ્ટ બતાવેલી તે બીલ્ટી કોણે બનાવેલી તેની મને ખબર નથી.

**(૧૬)** ફરીયાદપક્ષે સાહેદ નં–૦૭ લલીબેન આજાભાઈ ભરગા નો આંક– ૨૦ નો મૌખિક પુરાવામાં તેઓએ જણાવેલ છે કે, હુ સને ૨૦૨૫ ની સાલમા વાકાનેર તાલુકામા પો સ ઈ તરીકે મારી ફરજ પર હાજર હતી. તે વખતે એલ સી બી કચેરી ના સુરેશભાઈ લક્ષમણ ભાઈ હુંબલનાઓ એ પ્રોહી કલમ – ૬૫(ઈ), ૧૧૬ (બી), ૮૧, ૮૩, ૯૮(૨)તથા બી.એન.એસ. ની કલમ ૩૩૬(૨), ૩૩૬(૩), ૩૩૮, ૩૪૦(૨), ૬૧ (૨) મુજબની ફરીયાદ પો.સ્ટે. એ આપેલી જે ફરીયાદ પી એસ ઓ એ ગુના રજી. નં ૩૭૭/૨૫ થી દાખલ કરી અમો ને આગળ ની તપાસ

સોપેલી. તપાસ ના કામે મે પોલીસ સાહેદોના નીવેદન લીધેલા અને ત્યાર બાદ સદર ગુનાની તપાસ હળવદ પો સ્ટે. ને કોસ તપાસ સોપવામા આવેલી જેથી અમો એ આગળ ની તપાસ એન.આર.વાણીયા સાહેબ ને સોપેલી.

તેઓની બચાવપક્ષે ઉલટ તપાસમાં એ હકીકત સ્વીકારેલ છે કે, અમો એ તપાસ દરમયાન કોઈ સ્વતંત્ર સાહેદોના નીવેદન લીધેલ નથી. મારી તપાસ દરમયાન આ કામે કબજે કરેલ મુદામાલ બીલ્ટી, ઈનવોઈસબીલ તથા ઇ–વે બીલ કોણે બનાવેલા તેનુ નામ ખુલવામા આવેલ નથી.

**(૧૭)** ફરીયાદપક્ષે સાહેદ નં–૦૮ નિરવભાઈ રામજીભાઈ વાણીયા નો આંક– ર૯ નો મૌખિક પુરાવામાં તેઓએ જણાવેલ છે કે, હુ સને ર૦ર૫ ની સાલમાં હળવદ પોલીસ સ્ટેશન માં પી.એસ.આઇ. તરીકે મારી ફરજ પર હાજર હતો તે વખતે મને એસ.પી. સાહેબના હુકમથી વાંકાનેર તાલુકા પો.સ્ટે. ગુ.ર.નં. એ પાર્ટ – ૩૭૭/ર૦ર૫ પ્રોહી કલમ ૬૫ઈ,૧૧૬ બી,૮૧,૮૩,૯૮(ર)તથા બી.એન.એસ. ની ૩૩૬(ર),૩૩૬(૩),૩૩૮,૩૪૦(ર),૬૧(ર) મુજબની કલમ ફરીયાદ પો.સ્ટે. એ આપેલી જે ફરીયાદ પી. એસ. ઓ. એ ગુન્હો નોંધેલ હતો જેમાં ગુન્હા રીપોર્ટ આંક–૩૦ થી રજુ કરેલ છે.ત્યારબાદ તેનો ડેપ્યુટ હુકમ શ્રી એલ.એ.ભરગા સાહેબના ઓ ને આપેલો જે ડેપ્યુટ હુકમ આંક–૩૧ થી રજુ કરેલ છે.ત્યારબાદ અમોને ક્રોસ તપાસ સોંપતા તપાસ ના કામે અમો એ સદર આરોપીના રીમાન્ડ ની નામ.કોર્ટમાં તજવીજ કરેલી તેમજ ઇ–વે બીલ, ઈન–વોઈસ બીલ તપાસ ના કામે કબજે કરેલા હતા તેમા તુલસી ટ્રાન્સપોર્ટ કપંની ની અસલ બીલ્ટી નં.– ર૩૯ તથા તેનું અસલ ઈન–વોઈસ બીલ જે કુડ ટેક એન્ટરપ્રાઈઝ ના નામ નું છે તેમજ અસલ ઇ–વે બીલ જે સંયુકત આંક–૩ર થી રજુ કરેલ છે.તેમજ શ્રી શ્યામ ટ્રાન્સપોર્ટ કંપની ની અસલ બીલ્ટી નં.– ર૬૫ તથા તેનું અસલ ઈન–વોઈસ બીલ જે ક્રિષ્ના ફલોર મીલ ના નામ નું છે તેમજ અસલ ઇ–વે બીલ જે સંયુકત આંક–૩૩ થી રજુ કરેલ છે.તેમજ કલકતા એકસપ્રેસ રોડ લાઈન્સ પ્રા.લી. ની અસલ બીલ્ટી નં.– ર૫૧ તથા તેનું અસલ ઈન–વોઈસ બીલ જે સુમીટોમો કેમીકલ ઈન્ડીયા લી. ના

નામ નું છે તેમજ અસલ ઇ–વે બીલ જે સંયુકત આંક–૩૪ થી રજુ કરેલ છે. આ બાબતે જે બીલ્ટી મળી આવેલી તેમાં જલારામ ટ્રેડર્સ, જુનાગઢ વાળા પાસે સદર બીલ્ટી બાબતે તપાસ કરતા જલારામ ટ્રેડર્સ ના માલીકે આવો કોઈ માલ કયારેય ખરીદેલ નથી એવુ પોતાના નિવેદન માં જણાવેલુ અને સદર બીલ્ટી ખોટી હોવાનું જણાવેલું. તેમજ સદરહું કામ માં ઇ–સાક્ષ્ય એપ્લીકેશન મુજબ સ્થળ ઉપર જે પં ૬૩(૪) (સી) પંચનામુ કરેલુ જેનું ઓનલાઈન સર્ટીફીકેટ સેકશન નું સર્ટીફીકેટ આંક–૩૫ થી રજુ કરેલ છે.તેમજ સદર મુદામાલ અમોએ એફ.એસ.એલ. તપાસણી અર્થે રવાનગી પત્રક થી મોકલી આપેલો જે રવાનગી પત્રક આંક–૩૬ થી રજુ કરેલ છે.ત્યારબાદ સદર ટ્રક જે જગ્યા એ માલ ભરેલો હતો તે ભંઠીડા, પંજાબ ખાતે પણ અમો એ તપાસ કરેલી. ત્યારબાદ અમોને ટ્રેનીંગ માં જવાનુ થયેલ હોવાથી સદર ગુન્હાનું ચાર્જશીટ શ્રી એચ.એન. ગઢવી સાહેબને તપાસ સોંપતા તેઓએ આરોપી વિરૂધ્ધ પુરતો પુરાવો હોય આ ગુન્હાનું ચાર્જશીટ કરેલાનુ જણાવેલ છે.

તેઓની બચાવપક્ષે ઉલટ તપાસમાં એ હકીકત સ્વીકારેલ છે કે, આ ગુન્હાની રેઈડ મારી હાજરી માં થયેલ નથી. રેઈડ અંગેનું પંચનામુ અમારી હાજરી માં થયેલ નથી. રેઈડ વાળો વિસ્તાર નેશનલ હાઈવે છે. તપાસ ના કામે કોઈ સ્વતંત્ર સાહેદોના નિવેદન લીધેલા નથી. રેઈડ વાળો સ્થળ પર દિવસ અને રાત્રી દરમ્યાન વાહનો ની સતત અવર જવર રહે છે. તપાસ દરમ્યાન તુલસી ટ્રાન્સપોર્ટ કંપની ના કોઈ જવાબદાર અધિકારીનું નિવેદન લીધેલ નથી. તપાસ દરમ્યાન એમ.એસ.ફુડ ટેક એન્ટરપ્રાઈઝ ના કોઈ જવાબદાર અધિકારીનું નિવેદન લીધેલ નથી. તપાસ દરમ્યાન શ્રી શ્યામ ટ્રાન્સ્પોર્ટ કંપની ના કોઈ જવાબદાર અધિકારીનું નિવેદન લીધેલ નથી. તપાસ દરમ્યાન ક્રિષ્ના ફલોર મીલ ના કોઈ જવાબદાર અધિકારીનું નિવેદન લીધેલ નથી. તપાસ દરમ્યાન કલકતા એકસપ્રેસ રોડલાઈન્સ પ્રા.લી. ના કોઈ જવાબદાર અધિકારીનું નિવેદન લીધેલ નથી. તપાસ દરમ્યાન સુમીટોમો કેમીકલ ઈન્ડીયા લી. ના કોઈ જવાબદાર અધિકારીનું નિવેદન લીધેલ નથી. આ

કામે કબજે કેરલ ઇ–વે બીલ, ઈન–વોઈસ તથા બીલ્ટી કોના દવારા બનાવેલી તે મારી તપાસ માં ખુલેલ નથી.

(૧૮) ફરીયાદપક્ષે સાહેદ નં–૦૯ ભરતભાઇ ઘેલાભાઇ જીલરીયા નો આંક–૪૩ નો મૌખિક પુરાવામાં જણાવેલ છે કે, ગઈ તા.૨૮/૦૪/૨૦૨૫ ના રોજ અમો તથા પી.એસ.આઈ.શ્રી બી.ડી.ભટૃ સાહેબ તથા એલ.સી.બી. તથા એ.એસ. આઈ. સુરેશભાઈ લક્ષ્મણભાઈ હુંબલ તથા એ.એસ.આઈ.– જીજ્ઞાશાબેન એમ બધા પોલીસ સ્ટાફના માણસો વાંકાનેર વિસ્તારમાં પેટ્રોલીંગમાં હતા તે દરમ્યાન ફરતા ફરતા વાંકાનેર બાઉન્ડ્રીપાસે નેશનલ હાઈવે રોડ ઉપર પહોંચતા અમોને તથા આસીફભાઈ ને સંયુકત બાતમી મળેલ કે અમદાવાદ તરફથી એક ટાટા ટ્રક ટેઈલર નં .–આર. જે. ૧૪– જી જી – ૫૨૦૫ વાળુ રાજકોટ તરફ જનાર છે જેમાં ગે.કા. ભારતીય બનાવટનો અંગ્રેજી દારુનો જથ્થો ભરેલ છે તેવી હકીકત મળતા અમો બે રાહદારી પંચોને બોલાવી હકીકતની સમજજ કરેલી. જેથી પંચોએ પંચ માં રહેવા સહમતી દર્શાવી તથા પંચો તથા પોલીસે અરસ પરસ જડતી તપાસ કરી પ્રોહીને લગતી કોઈ ચીજ વસ્તુ નહી હોવાની ખાતરી કરી પ્રાથમીક પંચનામુ કરેલુ. ત્યારબાદ પંચો તથા પોલીસ સ્ટાફ ના માણસો હકીકત વાળી જગ્યાએ બાઉન્ડ્રી ટોલ પ્લાઝા પાસે વોચ માં હતા તે દરમ્યાન કલાક ૧૯–૧૫ વાગ્યે અમદાવાદ તરફથી ઉપરોકત નંબર નો ટ્રક નીળકતા તેના રોકવા ઈશારો કરતા ગાડીના ચાલકે ગાડી ઉભી રાખી અને હાઈવે ના નીચે ગાડી સાઈડ માં રખાવી ગાડીના ચાલકનું નામ ઠામ પુછતા સતારામ કુસારામ જાટ રહે. જાયડુ, રાજસ્થાન વાળો હોવાનું જણાવેલુ. સદરહું ગાડી માં શુ ભરેલ છે તે બાબતે પુછતા તેને એક બીલ્ટી તથા ઈ–વે બીલ તથા ઈનવોઈસ બીલ આપી ગાડી માં કુડ પ્રોડકટનો માલ ભરેલ છે અને તે રાજેસ્થાન થી જુનાગઢ ખાલી કરવાનો છે તેવુ જણાવેલું. જેથી બીલ્ટી, ઈ–વે

બીલ તથા ઈનવોઈસ બીલ જોતા પોલીસ ને શંકા જણાતા ગાડીના ડ્રાઈવરને સાથે રાખી તાલપત્રી હટાવી જોતા ખાખી કલરના શણના કોથળાઓ ભરેલ હતા જેમાં મગફળીનું ભુસુ ભરેલ હોતુ. તે કોથળા હટાવી જોતા વિદેશી દારુ નો જથ્થો જોવા મળેલ જેમાં જુદી જુદી અંગ્રેજી દારૂ ની બોટલો જોવા મળેલ. જેમાંથી બોટલો બહાર કાઢતા અલગ અગલ બ્રાન્ડ ની બોટલો નંગ–૧૪૦૩૮ જેની કુલ કીં મત રૂા.૪૦,૬૯,૯૨૦/– હતી. સદરહું બોટલો માંથી એક બોટલ એફ.એસ.એલ. તપાસણી અર્થે પી.આઈ., એલ.સી.બી., મોરબી ના હોદાનું શીલ મારી તપાસ અર્થે કબજે કરેલ.

તેમજ સદર ડ્રાઈવર પાસે થી ટ્રકની આર.સી.બુક., પી.યુ.સી., પરમીટ અને વીમાના કાગળો લીધેલા તેમજ તુલશી ટ્રાન્સપોર્ટ કંપની તથા શ્યામ ટ્રાન્સપોર્ટ પની તેમજ કલકતા એકસપ્રેસ રોડ લાઈન્સ પ્રા. લી.ની બીલ્ટી, ઇ–વે બીલ, ઈનવોઈસ બીલના કાગળો તેમજ મગફળી નું ભુસુ ભરેલ બોરીયો નંગ–૧૫૦ અને ઉપરોકત નંબર વાળા ટ્રકની કી મત રૂા. ૩૫,૦૦,૦૦૦/– ગણી તપાસ અર્થે કબજે કરેલ. સદર ચાલકને આ વિદેશી દારુ કોની પાસેથી લાવેલ છે અને કોને ત્યાં આપવાનો હતો તે બાબતે પુછતા મારા શેઠ કીશોરભાઈ સારણ રહે.ખડીર, રાજસ્થાન વાળા એ પંજાબ રાજ્યના ભંટીડા થી આગળ પઠાણ કોટ માંથી ભરી આપેલ છે અને મહેસાણા અમદાવાદ થઈ જુનાગઢ જવાનો હતો તેવુ જણાવેલું. શેઠ નો મોબાઈલ નંબર આપેલો. તેમજ સદરહું મુદામાલ નું વિગતવાર નું પંચનામુ પી. આઈ. શ્રી એમ.પી.પંડયા સાહેબના ઓ એ પંચોની હાજરીમાં કરેલું અને અમારા મોબાઈલ થી ઈ–સાક્ષ્ય અધિનિયમ મુજબ સદર જગ્યાના પંચનામાની વીડીયોગ્રાફી તેમજ ફોટોગ્રાફી કરેલી જેનું પ્રમાણપત્ર સેકશન – ૬૩(૪)(સી) મુજબનું આપેલુ

જેને આંક–૩૫ આપેલા છે જે દસ્તાવેજ બતાવામાં આવે છે જે સર્ટીફીકેટ માં મારુ નામ તેમજ ફોટોગ્રાફી છે તે તે જ છે.

<u>નોંધ:– સદર ગુન્હા ની ઈ–સાક્ષ્ય વેબ–સાઈટ પર ઓનલાઈન જોતા કુલ ચાર વીડીયો છે પરંતુ તમામ વીડીયો રન કરતા ઓપન થયેલ નથી તેમજ સાહેદોના ફોટોગ્રાફ્સ ઓનલાઈન જોતા જોવામાં આવે છે.</u>

ત્યારબાદ અમારી સાથેના સુરેશભાઈ હુંબલ ના ઓ એ એ પો.સ્ટે. જઈ આ ગુન્હાની ફરીયાદ આપેલી. આગળ ની તપાસ સોંપતા મારુ નિવેદન લીધેલાનુ જણાવેલ છે.

તેઓની બચાવપક્ષે ઉલટ તપાસમાં એ હકીકત સ્વીકારેલ છે કે, પેટ્રોલીંગ માં જઈએ તેની નોંધ પેટ્રલ બુક માં કરવાની હોય છે. પેટ્રોલીંગ માટે દરેક પોલીસ સ્ટશને સરકારી વાહન ફાળવવામાં આવે છે. રેઈડ વખતે અમો બધા સરકારી તથા ખાનગી વાહન લઈને ગયેલા. પેટ્રોલીંગ માં કયુ વાહન લઈ ને જતા હતા તે અમારા નિવેદન માં જણાવેલ નથી. સરકારી વાહન લઈને જઈએ તેની નોંધ લોગ બુક માં કરવામાં આવે છે. કહેવાતો રેઈડ વાળો વિસ્તાર નેશનલ હાઈવે છે ત્યાંથી વાહનો તથા માણસોની અવર જવર સતત ચાલુ હોય છે. હાલના કામે પ્રથમ પં ચનામુ કરેલ ત્યારબાદ ફરીયાદ આપેલ છે. બીલ્ટી તથા ઈ–વે બીલ તથા ઈનવોઈસ કોણે બનાવેલ તે હું કહી શકુ નહી. મે મારા નિવેદન માં ઈ–સાક્ષ્ય એપ્લીકેશન મારફત મારા મોબાઈલ દવારા વીડીયોગ્રાફી અને ફોટોગ્રાફી કરેલ હોય તેવુ જણાવેલ નથી. આંક–૩૫ ના સર્ટીફીકેટ માં મારી સહી નથી. આંક–૩૫ વાળા સર્ટીફીકેટ માં ફોટો તથા વીડીયો ની ફાઈલ ની સાઈઝ જણાવેલ નથી.

**<u>પુરાવાનુ મુલ્યાંકન</u>**

(૧૯)ઉપરોકત ફરીયાદ પક્ષે રજુ થયેલ ઉપરોકત પુરાવાનુ મુલ્યાંકન કરતા પોલીસ સાહેદોના મૌખીક પુરાવામાં બાતમી આધારે ટાટા ટ્રક ટ્રેઈલર નંબર– RJ–14–GG–5205 માંથી ભારતીય બનાવટનો અંગ્રેજી દારૂનો જથ્થો મગફળીના ભુસાની બોરીઓની આડમાં સંતાડેલ હોય તેમજ હેરાફેરી કરવા માટે ફલોર મીલની તથા કુડ પ્રોડકટની ખોટી બીલ્ટીઓ, ઇ–વે બીલ, તથા ઈનવોઈસ બીલ બનાવી રજુ કરેલ તથા આ બીલ્ટીઓ ખોટા હોવાનું જાણવા છતા તેનો ખરા તરીકે ઉપયોગ કરી રાજય સેવકને ગેરમાર્ગે દોરેલ હોય આરોપીના કબજાના વાહન માંથી પંચો રૂબરુ ઈગ્લીશ દારૂની અલગ અલગ બ્રાંડની કાચની કંપની શીલપેક નાની–મોટી કુલ બોટલ નંગ–૧૪૦૪૦ કિ.રૂા. ૬૭,૬૯,૯૨૦/– નો કબજે કરેલાનુ જણાવેલ છે.તેમજ આરોપી પાસેથી મોબાઈલ ફોન નંગ–૦૨ તથા રોકડા રૂપીયા ૨૫૦૦/– તથા ટ્રક ટ્રેઈલર તથા ગાડીને લગતા કાગળો, બિલ્ટી, ઇ–વે બીલ, ઈનવોઈસ બીલ તથા મગફળીના ભુસાની બોરીઓ નંગ–૧૫૦ મળી કુલ કિ.રૂા. ૧,૦૨,૭૭,૯૨૦/– નો મુદામાલ કબજે કરેલાનુ જણાવેલ છે.ફરીયાદ પક્ષે જે સ્વતંત્ર પંચ સાહેદોની હાજરીમાં મુદદામાલ આરોપી પાસેથી કબજે કરેલાનુ જણાવેલ છે.તે પંચ સાહેદ નં.૧ આંક:૧૧ ના રીવકરી પંચનામાની હકીકતોને સર્મથન કરેલ નથી.તેમજ બીજા પંચને ફરીયાદ પક્ષનો પુરાવો રજુ કરેલ નથી.જેથી ફરીયાદ પક્ષે જે એક માત્ર સ્વંતત્ર પંચ ફરીયાદ પક્ષના કેશને સર્મથન કરેલ નથી. ફરીયાદ પક્ષે બનાવ સ્થળે તેઓના હાજરીમાં આરોપી પાસેથી મુદદામાલ કબજે કરેલ હોય તેવો અન્ય કોઇ સ્વંતત્ર સાહેદોનો પુરાવો રજુ કરેલ નથી. જેથી ફરીયાદ પક્ષના સ્વતંત્ર પંચ સાહેદો સદંતર હોસ્ટાઈલ જાહેર થયેલ છે અને માત્ર સહી ઓળખી બતાવેલ હોવા માત્રથી પંચનામાની હકીકતો માની શકાય તેમ નથી. વધુમાં **સ્ટેટ ઓફ ગુજરાત વિરુધ્ધ સુરેશભાઈ એસ.પટેલનો ચુકાદો કે જે (૨૦૧૧) ૨૬ જી.એચ.જે.(૧)** માં પ્રસિધ્ધ થયેલ છે.જેમાં નામદાર ગુજરાત હાઈકોર્ટના પ્રસ્થાપિત સિધ્ધાંત પ્રમાણે જયારે પંચ સાહેદો ફરીયાદપક્ષે ફરી ગયેલા સાહેદ

તરીકે જાહેર થાય ત્યારે ફરીયાદીના પુરાવા ઉપર આધાર રાખવો એ સલામતી ભર્યુ ગણાય નહીં. વધુમાં આ કામે ફરીયાદ પક્ષ આ કાયદાની કલમ–૧૧૬બી નુ અનુમાન તેમની તરફેણમાં કરવા ઈચ્છતા હોય કે આરોપી પાસે પકડાયેલ મુદામાલ દારુ હતો અને તેના માટે પૃથ્થકરણની જરુરીયાત નથી તો ફરીયાદ પક્ષે એવુ પુરવાર કરવુ પડે કે મુદામાલ જાણીતી બ્રાંડનો હતો અને સીલ પેક તથા બેચ નંબર સહીતનો હતો અને ત.ક.અધિકારીએ સબંધિત દારૂ બનાવતી કંપનીમા તપાસ કરી અને કબજે કરવામાં આવેલ બોટલો અને કંપનીના સીલની સામ્યતા કરેલ છે. પરંતુ આવો કોઈ પુરાવો ફરીયાદ પક્ષે રજુ કરેલ નથી. તેમજ ફરીયાદ પક્ષના સાહેદોએ આરોપીના કબજામા જાણીતી જાતના દારૂનુ નામ દર્શાવતા લેબલ ધરાવતી તેના ઉત્પાદનનુ નામ ધરાવતી બોટલો હતી તેવુ પણ જણાવેલ નથી. બોટલોને પંચોની સહી ધરાવતા લેબલ દવારા સીલ કરવામાં આવેલ નથી અને પંચ સાહેદે તેમની રુબરુ કોઈ બોટલો કબ્જે કરેલ હોય તેવુ જણાવતા નથી તે તમામ સંજોગોમાં, નામદાર ગુજરાત હાઈકોર્ટ ધ્વારા આ અગે આપવામાં આવેલ 1991 (1) G.L.R.433 Dhirajlal Gandabhai V/s. State નો ચુકાદો ધ્યાને લેવામાં આવે તો તેમા નીચે મુજબ જણાવેલ છે :–

CRIMINAL TRIAL — Bombay Prohibition Act, 1949 (XXV of 1949) — Sec. 116B — Presumption that accused was in possession of liquor when sealed bottles of known brands are found from him — When seals bearing signature of panchas were not affixed to the bottles and evidence of the panchas was contrary to the case put forth by the prosecution, held presumption under Sec. 116B of the Act cannot be raised.

ઉપરોકત તમામ સંજોગોમાં તથા ફરીયાદ પક્ષ દવારા જયારે આ કામના આરોપી પાસે કોઈ દારુની બોટલો કબજે કર્યાનું સાબીત થયેલ નથી ત્યારે ફરીયાદ પક્ષની તરફેણમાં કલમ-૧૧૬બી નું અનુમાન થઈ શકે નહી. આ કામમા ફરિયાદીએ સ્વતંત્ર સાહેદોના નિવેદનો લીધેલ નથી કે નિવેદન શા માટે લીધેલ નથી તે અંગે કોઈ વ્યાજબી કારણ પણ આપેલ નથી. આ કામના એક માત્ર સ્વતંત્ર પંચ સાહેદ જુબાનીથી તદન વિરુધ્ધની હોય આ કામે પોલીસ સાહેદોનો પુરાવો વિશ્વસનીય જણાતો નથી. તે તમામ સંજોગોમાં ફરીયાદ પક્ષ દ્રારા રજુ કરવામાં આવેલ પુરાવાના આધારે આ કામના આરોપીને હાલના ગુના સાથે સાંકળી શકાય નહી તેવુ આ અદાલતનુ નમ્ર પણે માનવુ છે. વધુમાં **માનસીંગ મુલુભાઈ કાઠી દરબાર વિરુધ્ધ સ્ટેટ ઓફ ગુજરાત ૨૦૧૨ જી.એલ. એચ. ઈ.એલ.એચ.સી. પાના નં.૨૨૭૬૯૮** માં પ્રસ્થાપિત સિધ્ધાંત મુજબ ''જો પંચ સાહેદો ફરીયાદીના કેસને સમર્થન આપતો પુરાવો ન આપે તેમજ આરોપી પાસેથી રીકવર કરેલ મુદ્દામાલ શીલ કરેલાનો શંકા ઉપજાવતો હોય તેમજ સ્વતંત્ર સાહેદો તપાસેલ ન હોય આરોપી પાસેથી ભારતીય બનાવટનો વિદેશી દારૂ મળી આવેલ હોય તેવુ પુરવાર થતુ નથી.

વધુમાં,ફરીયાદ પક્ષે આરોપી સામે ખોટા દસ્તાવેજો બનાવવાનો તથા ખોટા દોસ્તાવેજો હોવાનુ જાણવા છતા સાચા તરીકે ઉપયોગ કરેલાનો આક્ષેપ છે.જે બાબતે ફરીયાદ પક્ષના પુરાવામાં આરોપી પાસેથી મોબાઈલ ફોન નંગ-૦૨ તથા રોકડા રૂપીયા ૨૫૦૦/- તથા ટ્રક ટ્રેઈલર તથા ગાડીને લગતા કાગળો, બિલ્ટી, ઇ-વે બીલ, ઈનવોઈસ બીલ વિગેરે સ્થળ ઉપરથી કબજે કરેલાનુ જણાવેલ છે.તેમજ ફરીયાદ પક્ષના સાહેદ નં.૬ ના પુરાવામાં પોલીસે મને બીલ્ટી બતાવેલી જે બીલ્ટીમાં મેંદો લખેલુ હતું અને જે બીલ્ટી માં મારી દુકાન નું એડ્રેસ

અને જી.એસ.ટી. નંબર હતું સદર બીલ્ટી ના આધારે ઓનલાઈન ચેક કરતા અમારા જી.એસ.ટી. નંબર થી એડીટ કરીને ઓન લાઈન ઇ–વે બીલ કાઢેલ હતું.તેમજ અમોએ કયારેય હરીયાણી થી કોઈ માલ મંગાવેલ ન હતો કે અમારી દુકાન નું નામ સરનામુ કયારે હરીયાણ આપેલ નથી તેવુ જણાવેલ છે પરંતુ આ સાહેદના પુરાવામાં પોલીસે કઇ બીલ્ટી તેઓને બતાવેલ હતી તે અંગે કોઇ પુરાવો આપેલ નથી.તેમજ જે બીલ્ટી બતાવેલ હતી તે આરોપી પાસેથી કબજે થયેલ હતી તેવુ પુરવાર કરેલ નથી.જેથી આ સાહેદના પુરાવાથી આરોપીએ બીલ્ટી બનાવેલ હતી કે આરોપી પાસેથી કબજે કરેલ હતી તેવુ પુરવાર થતુ નથી.વધુમાં,ફરીયાદ પક્ષે આંક:૩૨,૩૩ થી ઇ–વે બીલ તથા આંક:૩૪ થી બીલ્ટી રજુ કરેલ છે પરંતુ ફરીયાદ પક્ષે આરોપી પાસેથી કબજે કરેલ હોય તેવુ પંચ સાહેદોના પુરાવાથી સમર્થન મળેલ નથી.જેથી પોલીસ સાહેદોના પુરાવાને આધારે આરોપીને તકસીવાન ઠરાવવા ન્યાયી તથા ઉચીત જણાતુ નથી.જેથી ઉપરોકત ચર્ચા કરેલ કારણોસર હાલના આરોપીને તકસીરવાન ઠરાવવા માટે પુરાવો નથી. આ તમામ સંજોગોમાં ફરીયાદપક્ષ આ કામના આરોપી સામે મુદ્દા નં.૧ માં મુકવામાં આવેલ તહોમત નિ:શંકપણે પુરવાર કરેલ ન હોય મુદ્દા નં.૧ નો જવાબ નકારમાં આપું છું અને મુદ્દા નં.ર અંગે નીચે મુજબનો અંતિમ હુકમ કરવામાં આવે છે.

## :: આખરી હુકમ ::

**(૧)** આ કામના આરોપી **સતારામ સ/ઓ કુશારામ જેશારામજી ખોથ,** ઉ.વ:૨૭, ધંધો:ડ્રાઈવીંગ, રહે.જાયડુ, ગામ:લેગાખોથા કી ઢાણી, તા.રામસર, જી.બાડમેર, રાજસ્થાન. નાઓને બી.એન.એસ.એસ.ની કલમ–૨૭૧(૧) અન્વયે પ્રોહીબીશન એકટ કલમ–૬૫(એ)(ઈ),૧૧૬(બી), ૮૧,૮૩, ૯૮(૨) તથા

બી.એન.એસ.નીકલમ–૩૩૬(૨),૩૩૬(૩), ૩૩૮,૩૪૦(૨),૬૧(૨) મુજબના શિક્ષાપાત્ર ગુના માંથી પુરાવાના અભાવે નિદોર્ષ ઠરાવી છોડી મુકવાનો હુકમ કરવામાં આવે છે.

**(૨)** બી.એન.એસ.એસ.ની કલમ–૨૮૧ અન્વયે અપીલ પીરીયડ માટેના આરોપીએ રૂપીયા ૫,૦૦૦/– (અંકે રૂપિયા પાંચ હજાર) પુરાના જામીન તથા તેટલી જ રકમનાં જાતમુચરકો રજુ કરવાનો હુકમ કરવામાં આવે છે.

**(૩)**મુદામાલ અંગે અત્રેની કોર્ટ ઘ્વારા અગાઉ કરેલ હુકમ કાયમી હકે સોંપવાનો હુકમ કરવામાં આવે છે.તેમજ મુદદામાલ બોટલો અપીલ પીરીયડ વીત્યે નાશ કરવાનો હુકમ કરવામાં આવે છે.

(૪)તેમજ મુદદામાલ વાહન માલીકીની ખરાઈ કરી પરત કરવાનો હુકમ કરવામાં આવે છે.તેમજ આરોપી પાસેથી કબજે કરેલ રોકડ રકમ તથા મોબાઈલ ,ગાડીના કાગળો,મગફળીના ભુસાની બોરીઓ પરત કરવાનો હુકમ કરવામાં આવે છે.

હુકમ આજ **તારીખ :** ૩૧, **માહે :** જુલાઈ , **સને :** ૨૦૨૬ ના રોજ ખુલ્લી અદાલતમાં વાંચી સંભળાવી જાહેર કર્યો.

તા. ૩૧/૦૭/૨૦૨૬
મુ.વાંકાનેર

**(વિરેન્દ્રસિંહ શનાભાઈ ઠાકોર)**
એડીશ્નલ ચીફ જ્યુડીશીયલ મેજીસ્ટ્રેટ
કોડ નં. જી.જે.૦૧૨૨૪